# સે. ૧૧ ફોર્ચ્યુન હોટલના પાકા દબાણ પર તંત્રના હથોડા..!

## કોમ્પ્લેક્ષ પાસે ચાર મોટી ઓરડીઓ ઉભી કરી દેવાઈ હતી : બેઝમેન્ટ પણ અડધુ કવર કરી દેવાતા પાર્કીંગનો પ્રશ્ન : પાકા દબાણો હટાવવાની કડક ઝુંબેશ દબાણ શાખા શરૂ કરશે

ગાંધીનગર, તા. ૧

શહેરના સેક્ટર-૧૧ ખાતે સ્થિત સ્ટાર હોટલ ફોર્ચ્યુન હવેલી ઈન હોટલ દ્વારા ચાર મોટી ઓરડીઓ તૈયાર કરાઈ દઈ પાકા દબાણો ઉભા કર્યાની ફરિયાદને આધારે મનપાની દબાણ શાખાએ આજે દબાણ તોડી પાડવા કવાયત શરૂ કરી હતી. તંત્રએ હથોડા ઝીંકીને હોટલના પાકા દબાણનો સફાયો બોલાવતા આ કામગીરી અટકાવવા દબાણ લાવવા મનપા કમિશનર કચેરીમાં ટેલીફોનની ઘંટડીઓ રણકવાનું શરૂ થઈ ગયુ હતુ. આગામી દિવસોમાં પાકા દબાણ પર મોટા પાયે સફાયો કરવાની ઝુંબેશ શરૂ કરાશે તેવું તંત્ર દ્વારા જાણવા મળ્યુ છે.



મહાનગરપાલીકાની દબાણ શાખાના અધિકારી મહેશ મોડ દ્વારા સે. ૧૧ ફોર્ચ્યુન હવેલી હોટલ ઈનને દબાણ મામલે આગોતરી નોટીસ ફટકારવામાં આવી હતી. જો કે નોટીસ પર હોટલ સંચાલક દ્વારા કોઈ ગંભીરતા ન દાખવવામાં આવતા આખરે આજે કમિશનરના ઓર્ડર સાથે મહેશ મોડની ટીમ હોટલના પાકા દબાણ પાસે પહોંચી ગઈ હતી અને કોમ્પ્લેક્ષ પાસે નડતરરૂપ ઉભી કરી દેવાયેલી ચાર-ચાર મોટી ઓરડીઓ પર હથોડા ઝીંકવાનું શરૂ કરી દીધુ હતુ. તો બીજી તરફ દબાણ કામગીરી અટકાવવા મનપા કચેરીમાં 'દબાણ'ના ફોનો રણકવાના શરૂ થઈ ગયા હતા. જો કે તંત્ર દ્વારા પાકા દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. બેઝમેન્ટ પણ હોટલ દ્વારા અડધુ કવર કરી દેવાતા પાર્કીંગનો મોટો પ્રશ્ન ઉભો થયો છે. તંત્રની આ કડક કામગીરી જોતા શહેરના અન્ય પાકા દબાણકારોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. આગામી દિવસોમાં શહેરના પાકા દબાણોનો સર્વે કરીને નોટીસો આપ્યા બાદ પાકા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

# નર્મદા બંધના અસરગ્રસ્તો સત્યાગ્રહ છાવણી આવી પહોચતાં તંત્ર દોડતુ થયું

## વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને ધારાસભ્ય શકિતસિંહ ગોહીલે અસરગ્રસ્તોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ યોજનામાં પોતાની મહામુલી જમીન સરકારને આપનાર અસરગ્રસ્ત ખેડુતોની માંગણીઓ વર્ષો વીતી ગયા બાદ પણ નહીં સંતોષાતા અસરગ્રસ્ત ખેડુત પરિવારો મોટીસંખ્યામાં આજરોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોચ્યા હતા. અચાનક નર્મદા જિલ્લામાંથી ખેડુતો આવી પહોંચતા



તંત્ર પણ દોડતું થયું હતું. આ ખેડુતોને મળવા અને તેમની વેદના સાંભળવા માટે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને ધારાસભ્ય શકિતસિંહ ગોહીલ આવી પહોંચ્યા હતા. તંત્રની સમજાવટ બાદ આખરે અસરગ્રસ્ત ખેડુતોના પ્રતિનિધી મંડળે ગાંધીનગર કલેકટરને મળીને આવેદન પત્ર આપ્યું હતું અને આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી હતી. તેઓએ પોતાની વર્ષનોની પડતર ૨૯ માંગણીઓ રજુ કરી હતી. કલેકટર દ્વારા વિધાનસભા સત્ર સમાપ્તી બાદ મુખ્યમંત્રી આપને આ અંગે વાતચીત કરવા બોલાવશે તેવી હૈયાધારણા મળ્યા બાદ અસરગ્રસ્ત પરિવારો પોતાના ઘરે પરત ફર્યા હતા.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે સવારે તિલકવાડાથી ગઈકાલે નીકળેલા અસરગ્રસ્ત ખેડુતો આવી પહોચ્યા હતા. જેમાં અસરગ્રસ્ત સમાજના પ્રમુખ જીતુભાઈ તડવીએ જણાવ્યું હતુ કે અમે આદીવાસી સમાજે પોતાની મહામુલી જમીન ડેમ માટે આપી દીધી છે. પરંતુ સરકાર દ્વારા માંગણીઓ પુરી કરવામાં આવી નથી. જેમાં સરકારે વર્ષ ૨૦૦૨માં ૧૮ વર્ષ પૂર્ણ થયા હોય તેવા યુવાનોને રોજગારી આપવામાં આવશે પરંતુ હજુસુધી માત્ર ૪૦૦ યુવાનોને જ રોજગારી આપવામાં આવી છે તે પણ કોન્ટ્રાકટ પધ્ધતિથી, સરકાર દ્વારા પાંચ હેકટર જમીન આપવામાં આવી છે તેમા પણ કેટલીક જમીન ખરાબાની છે જેમાં સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા જ નથી. અને અત્યારે હાલના સમયે સરકાર જે જમીન આપી છે તે પણ પાછી પડાઈ લેવા માંગે છે તેવો આક્ષેપ કર્યો હતો. જયારે વસાહતમાં પણ પીવાના પાણીની વ્યવસ્થા નથી. સૌથી દુખદ બાબત છે કે જે ગામમાં અમે વસવાટ કરીએ છીએ ત્યાં સમ્શાન નથી તેમજ જુના ગામમાં કોઈ મૃતકને લઈ જઈએ છીએ તો ત્યાં ના પાડવમાં આવે છે.

આ સહિતની વિવિધ માંગણીઓ છે જે અત્યાર સુધી સરકાર દ્વારા પુરી થઈ શકી નથી. જો આગામી સમયમાં પડતર માંગણીઓ નહીં સંતોષવામાં આવે તો ગાંધીનગરમાં ભુખ હડતાલ કરવામાં આવશે. જયારે કલેકટરને આવેદન પત્ર આપી તેઓ બપોરે ઘરે જવા પરત ફર્યા હતા. જો કે નર્મદાના અસરગ્રસ્ત ખેડુતો છાવણી આવ્યા છે તેની જાણ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ ધારાસભ્ય શકિતસિંહ ગોહીલને થતા તાત્કાલીક ખેડુતોને મળવા પહોંચી ગયા હતા અને ખેડુતોને આશ્વાસન આપ્યું હતું.

# ગાંધીનગર મેડીકલ કોલેજનું ૯૮.૧૪ ટકા પરિણામ

## કોલેજના ૧૦૮માંથી ૧૦૬ વિદ્યાર્થીઓ પાસ, બે વિદ્યાર્થીનીઓએ ટોપટેનમાં સ્થાન મેળ્યું

ગાંધીનગર, તા.૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજનું એમબીબીએસની ફાઈનલ પરિક્ષાનું ૯૮.૧૪ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરિક્ષામાં કોલેજના ૧૦૮ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી જેમાંથી ૧૦૬ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થવા પામ્યા છે. જયારે ગાંધીનગર કોલેજમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીઓએ ટોપટેનમાં સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફાઈનલ પરિક્ષા થોડા માસ અગાઉ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવી હતી. આમ તો મેડીકલ કોલેજ ૧૫૦ સીટની છે પરંતુ તેમાંથી ૧૦૮ તબિબિ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પરિક્ષા આપી હતી. જેનું પરિણામ આજરોજ યુનિવર્સિટીએ જાહેર કર્યુ છે. જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજનું ૯૮.૧૪ ટકા પરિણામ આવ્યું છે. કોલેજના ૧૦૮ વિદ્યાર્થીઓમાંથી ૧૦૬ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ છે. જયારે કોલેજમાં અભ્યાસ કરતી અનુશ્રી શર્મા અને તસ્વીવાલ નીશા એ ૯૦૦ માંથી ૬૫૦ ગુણ મેળવ્યા છે. સમગ્ર ગુજરાતના ટોપટેન વિદ્યાર્થીઓમાં ગાંધીનગર મેડીકલ કોલેજની બે વિદ્યાર્થીનીઓએ સ્થાન મેળવી પરિવારનું તેમજ કોલેજનું ગૌરવ વધાર્યુ છે. કોલેજ પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.છેલ્લા ઘણા સમયથી મેડીકલના વિદ્યાર્થીઓ પરિક્ષાના પરિણામની કાગડોળે રાહ જોતા હતા. જયારે પરિણામ જાહેર થતા આ વિદ્યાર્થીઓની ઈંતેજારીનો અંત આવી ગયો છે.પરિણામની ટકાવારીના અંતે મેડીકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓમાં ઉતેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉંચા પરિણામને લીધે મેડીકલના વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ છે.

# કેરલમાં માર્કસવાદીઓ દ્વારા હિન્દુઓ પર આતંકના મુદે રાષ્ટ્રીય હિત રક્ષક સમિતિ દ્વારા કલેકટરને આવેદનપત્ર

## રાષ્ટ્રપતિ સુધી અવાજ ના પહોંચે ત્યાં સુધી લડત ચાલુ રહેશે : રામચંદ્ર પટેલ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે રાષ્ટ્રીય હિત રક્ષક





સમિતિના સભ્યો મોટીસંખ્યામાં એકઠા થયા હતા. કેરલમાં માર્કસવાદીઓ દ્વારા હિન્દુઓ પર કરવામાં આવતા અત્યાચારના મુદ્દે ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો. સત્યાગ્રહ છાવણી એકઠા થયેલા નાગરીકોએ સુત્રોચ્ચાર કરીને કલેકટરને આવેદનપત્ર આપી આ અંગે ઝડપી ઉકેલ લાવવા માટે રજુઆત કરી હતી.

કેરલમાં માર્કસવાદીઓ દ્વારા હિન્દુઓ પર આતંક ફેલાવવામાં આવે છે. ત્યાંની માર્કસવાદી સરકાર મુક પ્રેક્ષક બનીને આ અત્યાચાર જોયા કરે છે. પોલીસ તંત્ર પણ જાણે સરકારનો જ એક ભાગ હોય તે રીતે ન્યાયી રીતે વર્તવાને બદલે આંખ આડા કાન કરે છે. વ્યવસ્થિત કાવતરાના ભાગરુપે આવી યોજના બને છે. નિર્દોષ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓના સરેઆમ ખુન થાય છે. ઘર સળગાવી મુકવાના કિસ્સા બનવા પામ્યા છે. વર્ષ ૨૦૧૫માં સીપીએમની સરકાર આવ્યા બાદ આવી અનેક ઘટનાઓ બની છે. ત્યારે રાષ્ટ્રીય હિત રક્ષક સમિતિ દ્વારા આજરોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ૫૦૦ નાગરીકો એકઠા થયા હતા અને સુત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ ગાંધીનગર કલેકટરને આવેદન પત્ર આપી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી હતી. તે ઉપરાંત રાષ્ટ્રીય હિતરક્ષક સમિતિ ના પ્રમુખ રામચંદ્ર પટેલે જણાવ્યું હતું કે આજે દરેક જિલ્લામાં આ કાર્યક્રમ નાગરીકો દ્વારા આપવામાં આવ્યો છે. તેમજ જયાં સુધી આ અંગે યોગ્ય નિર્ણય ના આવે તેમજ દિલ્લી રાષ્ટ્રપતિ સુધી નાગરીકોનો અવાજ ના પહોંચે ત્યાં સુધી લડત શરુ રાખવામાં આવશે.આ કાર્યક્રમમાં સત્યાગ્રહ છાવણી ખાતે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થયા હતા.

# ગાંધીનગર સ્થિત અમરેલી જિલ્લાના પરિવારોનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧





સમૂહ ભોજન એ સમૂહ જીવનનો પર્યાય હોવાનું કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલાએ જણાવતા, ગાંધીનગર ખાતે આયોજીત અમરેલી જીલ્લા પરિવાર ટ્રસ્ટના સ્નેહ મિલન સમારોહ પ્રસંગે, ટિફિન બેઠક જેવા કાર્યક્રમો દ્વારા પરસ્પર જોડાયેલા રહેવા હાકલ કરી હતી.

ગાંધીનગર ખાતે વસતા મૂળ અમરેલી જીલ્લાના વતનીઓનો સ્નેહ મિલન સમારોહ અને વિદ્યાર્થી પુરસ્કાર સમારોહ, ટાઉનહોલ ખાતે તા.૨૭/૨/૨૦૧૭ ને સોમવારે સાંજે યોજાઈ ગયો. પાટનગરમાં વસતા અમરેલીના પરિવારો દ્વારા આયોજીત સમારોહના પ્રારંભમાં સ્થાપક પ્રમુખ અને અમરેલી જીલ્લા પરિવાર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ઉમેશભાઈ વ્યાસે સંસ્થાની પ્રવૃત્તિઓથી સૌને વાકેફ કર્યા હતા. સંસ્થા દ્વારા વખતોવખત યોજાતા સ્નેહ મિલન અને વિદ્યાર્થી પુરસ્કાર જેવા ભોજન સાથેના કાર્યક્રમોની યાદ તાજી કરાવી ઉમેશભાઈએ સંસ્થા

● અનુસંધાન પાના - ૭ પર

# એકપણ ગામડા પાણીથી વંચિત નહીં રહે : સરકાર

ગાંધીનગર, તા.૦૧

રાજય વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમિયાન પાણી પુરવઠા રાજયમંત્રી જશાભાઈ બારડે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વની આ પ્રજાલક્ષી રાજય સરકારે આયોજન જ એવું કર્યુ છે કે, રાજયનું એક પણ ગામ પીવાના પાણીથી વંચિત નહીં રહે. મંત્રીએ ધ્રોલ તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજનામાં મજબુતીકરણની કામગીરી સંદર્ભે જણાવ્યું હતું કે, જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાની આજી-૩ તથા ઉંડ-૧ આધારિત જુથ પાણી પુરવઠા યોજનાની મજબુતીકરણની કામગીરી ચાલુ છે. આ કામગીરી તા. ૨૨.૧.૨૦૧૬ના વર્ક ઓર્ડર પ્રમાણે ૧૮ માસમાં પૂર્ણ કરવાની છે. મંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારે રાજયભરમાં વ્યક્તિદીઠ એક સો લિટર પાણી આપવાનું નક્કી કર્યુ છે. તેમણે નર્મદા યોજના આધારિત અને અન્ય યોજનાઓની વિગતો આપી હતી.

# સે-૨ પેન્શનર્સ સમાજ દ્વારા ડીજીટલ પેમેન્ટ અંગે સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૧

સેકટર-૨, પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા ડીજીટલ પેમેન્ટ અંગેનો સેમીનાર તાજેતરમાં યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહેમાનોએ ડેબીટ કાર્ડ અને ક્રેડીટ કાર્ડ સહિત થતા પેમેન્ટ તેમજ તેના ચાર્જીસ અંગે સવિસ્તાર માહિતી પુરી પાડવામા આવી હતી.આ પ્રસંગે મોટીસંખ્યામા પેન્શનર્સ ભાઈઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૨ પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા તાજેતરમાં ડીજીટલ પેમેન્ટ અંગેના આયોજીત સેમીનારમાં દેના લીડ બેંકના સિનિયર મેનેજર અરુણકુમાર જેતાવત તેમજ તેમના સહાયક નિવૃત અધિકારી પંડયાભાઈ હાજર રહ્યા હતા.આ પ્રસંગે સંસ્થા દ્વારા મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.ત્યારબાદ બેંકના મેનેજર અરુણકુમાર જેતાવત અને પંડયાભાઈએ અત્યારે હાલ ડીજીટલ પેમેન્ટની વિવિધ

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લા આયોજન મંડળે ૭૩૫ લાખના વિકાસકામોને મંજુરી આપી

## જિલ્લા પ્રભારી મંત્રી ડો. નિર્મલાબેન વાધવાણીના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની મળેલ બેઠક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા પ્રભારી અને મહિલા બાળ વિકાસ રાજયમંત્રી ડો. નિર્મલાબેન વાધવાણીના અધ્યક્ષસ્થાને મળી હતી.

જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેકટર સતિષ પટેલ અને જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની ઉપસથિતિમાં મળેલ જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન વર્ષ-૨૦૧૭-૧૮માં જિલ્લાના ચાર તાલુકાઓ અને ચાર નગરપાલિકાઓના વિવિધ વિકાસ કામ માટે રૂ. ૮૧૯ લાખના મળેલ આયોજન સામે રૂ ૭૩૫ લાખના વિકાસ કામો મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂ. ૫૫૭ લાખ ખાસ અંગભૂત જોગવાઈ હેઠળ રૂ.૧૦૫ લાખ પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ. ૫૦ લાખ ખાસ ભૌગોલિક પછાત વિસ્તાર જોગવાઈ હેઠળ રૂ. ૧૩ લાખના ખર્ચે વિકાસ કામો હાથ ધરાશે.

ગાંધીનગર તાલુકામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ સી.સી.રોડ, પેવર બ્લોક, ગટર લાઈન, પાણીની લાઈન, વરંડા, દિવાલ, હવાડો, ધોબીઘાટ, કોમ્યુનીટી હોલ સહિતના ૮૬ વિકાસ કામો માટે રૂ. ૧૪૪.૫૦ લાખના આયોજન સામે રૂ. ૬૬ લાખના વિકાસ કામો મંજુર કરેલ છે. જયારે રૂ. ૪૪ લાખની વિવેકાધીન જોગવાઈ (ખાસ અંગભૂત) હેઠળ ૨૩ વિકાસકામો મંજુર કરીને રૂ. ૪૪ લાખની જોગવાઈ કરી છે. જયારે વિવેકાધીન જોગવાઈ હેઠળ સાત કામો માટે રૂ. ૧૫ લાખની જોગવાઈ કરવામાં



આવી છે. તે જ પ્રમાણે માણસા તાલુકામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂ. ૭૦ લાખના ખર્ચે ૮૨ વિકાસકામો તથા વિવેકાધીન જોગવાઈ (ખાસ અંગભૂત) હેઠળ રૂ. ૧૫ લાખના ખર્ચે ૧૪ વિકાસ કામો તથા પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ. ૧૫ લાખના ખર્ચે ૧૩ વિકાસકામો હાથ ધરાશે. દહેગામ તાલુકામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂ. ૧૧૬ લાખના ખર્ચે ૧૧૧ જેટલા વિકાસકામો તથા વિવેકાધીન જોગવાઈ (ખાસ અંગભૂત) હેઠળ રૂ. ૪ લાખના ખર્ચે ૪ વિકાસકામો તથા વિવેકાધીન પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ૫ લાખના ખર્ચે ૩ વિકાસકામો હાથ ધરાશે. જયારે કલોલ તાલુકામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂ. ૫૫ લાખના ખર્ચે કુલ ૬૬ વિકાસકામો હાથ ધરાશે. જયારે વિવેકાધીન ખાસ અંગભૂત જોગવાઈ હેઠળ રૂ. ૪૨ લાખના ખર્ચે ૩૬ વિકાસકામો તથા પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ. ૧૫ લાખના ખર્ચે ૧૨ વિકાસકામો તથા ભૌગોલિક પછાત વિસ્તાર માટે રૂ. ૧૩ લાખના ખર્ચે ૮ વિકાસકામો હાથ ધરાશે.

પેથાપુર નગરપાલિકા માટે વિવેકાધીન જોગવાઈ શહેરી વિસ્તાર માટે રૂ. ૨૫ લાખના ખર્ચે ૩ વિકાસકામો, માણસા નગરપાલિકા રૂ. ૨૫ લાખના ખર્ચે ૧૩ વિકાસકામો, દહેગામ નગરપાલિકા માટે રૂ. ૨૫ લાખના ખર્ચે ૩ વિકાસકામો તથા કલોલ નગરપાલિકા માટે રૂ. ૨૫ લાખની જોગવાઈ કરી ૩ વિકાસકામો હાથ ધરાશે. દહેગામ અને કલોલ તાલુકામાં ખાસ પ્લાન યોજના બક્ષીપંચ હેઠળ રૂ. પાંચ લાખના ખર્ચે ત્રણ વિકાસકામો હાથ ધરાશે. મંત્ર ડો. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યુંહતુ કે ગ્રામ્યકક્ષાએ આરોગ્યલક્ષી સુવિધાઓ, સ્માર્ટ સ્કૂલ, આંગણવાડી તથા સિંચાઈ જેવા અગત્યના વિકાસકામોને પણ પ્રાધાન્ય મળે અને ગામડાના લોકોની મૂળભૂત જરૂરિયાતો સંતોષાય તે રીતે વિકાસ કામોનું આયોજન કરવું જોઈએ.

જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ધારાસભ્યો સર્વે અશોકભાઈ પટેલ, અમિતભાઈ ચૌધરી, બળદેવજી ઠાકોર, તથા કામિનીબા રાઠોડે ઉપસથિત રહી જિલ્લાના વિકાસકામો અંગે ચર્ચા કરી હતી. ગાંધીનગર જિલ્લાની આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદી, તાલુકા પંચાયતના પ્રમુખો, નગરપાલિકાના પ્રમુખો, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા તથા ઈનચાર્જ જિલ્લા આયોજન અધિકારી કવિતા શેઠ સહિત જિલ્લાના અધિકારીઓ હાજર રહયા હતા.